**DATE: 10/03/2025 CATEGORY: GREEN**
**E-PAPER DIVYA HASKAR PAGE-04**

# અંકલેશ્વરમાં દારૂ સાથે એક ઝડપાયો

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

અંકલેશ્વરના આંબોલી રોડ પર સરસ્વતી પાર્ક સોસાયટીના રહેવાસી શાહરૂખ મહેમુદઅલી મન્સૂરીને સુકાવલી ડમ્પિંગ સાઈટ પાછળથી પકડી પાડ્યો છે. તેની પાસેથી વિદેશી દારૂની ૯૬ બોટલ મળી આવી છે. આ જથ્થાની કિંમત ૯ હજારથી વધુ છે.પોલીસે આ કેસમાં કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. અંકલેશ્વરમાં અન્ય એક સ્થળેથી પણ દારૂનો જથ્થો ઝડપી પાડવામાં આવ્યો છે. બંને કિસ્સાઓમાં પોલીસે ગુનો નોંધી આરોપીઓ કોની પાસેથી દારૂ લાવ્યાં તેની તપાસ આદરી છે.

**DATE: 10/03/2025 CATEGORY: GREEN**
**E-PAPER GUJARAT SAMACHAR PAGE-01**

# કાંટીપાડા ગામે ખેતરમાં ઘાસના ઢગલામાં સંતાડેલો દારૂ ઝડપાયો

નેત્રંગ, તા. ૯

નેત્રંગ પોલીસનો સ્ટફ઼ તા. ૮ ના રોજ નેત્રંગ પોલીસ સ્ટેશનવિસ્તરમાં પેટ્રોલિંગમાં હતો.તેસમયે બાતમીના આધારે નેત્રંગ-મોવી રોડ ઉપર આવેલા કાંટીપાડા ગામે નિશાળ ફળિયામાં રહેતા દિપક ઈન્દુ વસાવા પોતાના ખેતરમા બનાવેલા તબેલામા વિદેશી દારૂ લાવી વેચાણ કરવા સંતાડી રાખ્યો હતો.

## પોલીસને ચકમો આપી ફરાર થયેલા બૂટલેગરને વોન્ટેડ જાહેર કર્યો

પોલીસે સ્થળ પર દરોડો પાડી ખેતરમા આવેલા તબેલામા કાઈ મળેલુ નહિ વધુ તપાસ કરતા તબેલાની બહાર ઘાસના ઢગલામા તપાસ કરાતા એક પ્લાસ્ટીકની કોથળીમાંથી દારૂનો જથ્થો મળી આવ્યો હતો. રૂ.૧૫૦૦ કુલ મુદામાલ જપ્ત કર્યો હતો.જયારે રેડ દરમ્યાન દિપક ઈન્દુ વસાવા પોલીસને ચકમો આપી ફરાર થઈ ગયો હતો. બુટલેગર દિપક ઈન્દુ વસાવા રહે નિશાળ ફળીયુ કાંટીપાડા તા.નેત્રંગને વોન્ટેડ જાહેર કરી તેના વિરૂધ્ધ નેત્રંગ પોલીસ સ્ટેશનમા ગુનો નોંધી કાયદેસર ની કાર્યવાહી હાથ ધરેલ છે.


ફીલ્ડ એકઝીક્યુટીવ જોઈએ છે
ભરૂચ, અંકલેશ્વર, દહેજ, વાગરા
એરીયાના જાણકાર ફિલ્ડના કામ માટે
ટુવ્હીલર જરૂરી, HSC પાસ, એન્ડ્રોઈડ ફોન ધરાવતાં
7359786786

**DATE: 10/03/2025 CATEGORY: GREEN**
**E-PAPER GUJARAT SAMACHAR PAGE-04**

# અંકલેશ્વરમાં બે સ્થળેથી દારૂના જથ્થા સાથે બે બૂટલેગર ઝડપાયા

અંકલેશ્વર તા. ૯

આગામી હોળી-ધુળેટી પર્વ અગાઉ દારૂની બદીને ડામવા પોલીસ તંત્ર એલર્ટ થયુ છે. અંકલેશ્વર એ ડિવિઝન પોલીસે બે અલગ અલગ ઠેકાણેથી ઈંગ્લીશ દારૂના જથ્થા સાથે બે બૂટલેગરોને ઝડપી પાડ્યા હતા.

## પોલીસે બંને સ્થળેથી કુલ રૂ.૧૫ હજારનો મુદ્દામાલ કબજે લીધો

અંકલેશ્વરના ભરૂચીનાકાથી જુના બોરભાઠા ગામ તરફ જવાના રોડ ઉપર આવેલા જુના દીવા ગામના બસ સ્ટેન્ડ પાસે એક્ટિવામાં દારૂનો જથ્થો લઈ જતો અમરતપુરા ગામનો બુટલેગર અવિનાશ અશોક વસાવાને એ ડિવિઝન પોલીસે આંતરી એક્ટિવાની ડેકીમાંથી ઈંગ્લીશ દારૂના ૧૮૦ મીલીના કુલ બોટલ નંગ ૫૫ જેની કુલ રૂ. ૫૫૦૦ નો મુદ્દામાલ જપ્ત કરી અટકમાં લઈ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. અંકલેશ્વર એ ડિવિઝન પોલીસના સર્વેલન્સ વિભાગના સ્ટાફે મળેલી બાતમીના આધારે સરસ્વતી પાર્ક સોસયટી પાછળ આવેલા સિકાવલી ડમ્પીંગની

(અનુસંધાન બીજા પાને)

**DATE: 10/03/2025 CATEGORY: GREEN**
**E-PAPER GUJARAT SAMACHAR PAGE-04**

# હત્યા અને ચોરીના ગુનામાં ફરાર ત્રણ આરોપી ઝડપાયા

ભરૂચ, તા. ૯

ભરૂચ પેરોલ ફ્લોં સ્કોડની ટીમે અલગ-અલગ ગુનાઓમા વર્ષોથી નાસતા ફરતા ત્રણ ૩આરોપીને ઝડપી પાડ્યા છે.

## ત્રણેય આરોપીને સંબંધિત પોલીસ મથકે સોંપ્યા

મળતી માહિતી મુજબ દહેજ પોલીસ મથકમાં નોંધાયેલા ચોરીના ગુનામાં ફરાર આરોપી સુરેશ કિશોરભાઈ પગીને વડોદરાના મકરપુરા વિસ્તારમાંથી ઝડપી લીધો હતો જ્યારે આમોદ પોલીસ મથકમાં નોંધાયેલા હત્યાના ગુનામાં છેલ્લા ૮ વર્ષથી ફરાર આરોપી રમેશ મેલાભાઈ વસાવાને આમોદ તાલુકાના સરભાણ ગામમાંથી પકડી પાડ્યો હતો અને દહેજ મરીન પોલીસમાં નોંધાયેલા ગુનામાં છેલ્લા પાંચ વર્ષથી ફરાર આરોપી જસવંત સુનીલભાઈ બિશ્નોઈને રાજસ્થાનમાંથી ઝડપી લેવાયો હતો. પેરોલ ફ્લો સ્કોર્ડે પકડાયેલા ૩ આરોપીઓને સંબંધિત પોલીસ મથક ખાતે સોંપી દીધા હતા.

## નેત્રંગના ઝરણા ગામે દુકાનમાંથી દારૂ ઝડપાયો

નેત્રંગ, તા. ૯

નેત્રંગ પોલીસ સ્ટેશનનો સ્ટાફ તા.૭ના રોજ વિસ્તારમાં

**DATE: 10/03/2025 CATEGORY: GREEN**
**E-PAPER GUJARAT MITRA PAGE-05**

# વાલિયામાં શિક્ષક દંપતીની હત્યામાં જમાઈની જ સંડોવણી બહાર આવી

**બેન્ક** લોન, વ્યાજે લીધેલા નાણાં, શેર માર્કેટમાં પાંત્રીસેક લાખ ગુમાવતા પ્લાન બનાવ્યો

**જમાઈએ** આર્થિક સંકડામણ દૂર કરવા બેવડા કત્લે આમને ઠંડા કલેજે અંજામ આપ્યો

**ગાંધીનગરથી** વાલિયા આવી સાસુ-સસરાની હત્યા કરી રોકડ અને દાગીનાની લૂંટ ચલાવી




ભરૂચઃ માર્ચ મહિનાના પહેલાં જ ઓચાની ગણેશ ગાર્ડન સોસાયટીના મકાન નં.8 માંથી શિક્ષક દંપતીની નિર્મમ હત્યા કેસમાં જમાઈ જમ બન્યો હોવાનું સામે આવ્યું છે. રીઢા આરોપીએ બેન્કમાં લોન, અલગ અલગ જગ્યાએથી વ્યાજે નાણા લીધેલા હોય અને શેર માર્કેટમાં છ મહિનાથી પાંત્રીસેક લાખ રકમ ગુમાવી દેતાં તેને પોતાના સાસુ-સસરાનો કાંટો કાઢીને દાગીના અને રોકડ રકમ લૂંટી લેવાનું કારસ્તાન ઘડ્યું હતું. શિક્ષક દંપતી હત્યામાં ભરૂચ LCB પોલીસે ગણતરીના દિવસમાં આરોપીને દબોચી લીધો હતો.

મૃતક જીતેન્દ્રસિંહ બોરાધરા વિજયનગર પ્રાથમિક શાળામાં આચાર્ય તરીકે ફરજ બજાવતા હતા, જ્યારે તેમના પત્ની લતાબેન બોરાધરા ભીલોડ ગામની પ્રાથમિક શાળામાં શિક્ષિકા તરીકે ફરજ બજાવતા હતા. તા. 6ઠ્ઠી માર્ચનાં રોજ આખો દિવસ મકાન બંધ રહેતા પાડોશીઓને કંઈક અચરજ લાગતા બુધવારે પોલીસને જાણ કરી હતી. પોલીસે દરવાજો તોડી જોતા બેડરૂમમાંથી બન્નેના મૃતદેહ મળી આવ્યા હતા. પોલીસે સમગ્ર ઘટનાને ખૂબ જ ગંભીરતાથી લઈ ત્રણ ટીમો બનાવીને તળિયાઝાટક તપાસ આદરી હતી.

પોલીસે વાલિયા નગરમાં અને વ્યારા સુધીનાં હાઈવે ઉપર ટોલપ્લાઝા, પેટ્રોલપંપો, હોટલો મળીને કુલ 130 CCTV ફૂટેજ એકત્ર કરીને એનાલિસિસ કર્યું હતું. ભરૂચ LCBએ અલગ અલગ ટેકનીકલ એનાલીસીસ કરીને માહિતી મેળવી હતી. તે વખતે એનાલિસિસ દરમિયાન હકિકત મળી હતી કે વાલિયા શિક્ષક દંપતીનું કાસળ કાઢવામાં તેઓનો જમાઈ વિવેક રાજેન્દ્ર દુબે (ઉ.વ.33) (રહે., 51 ડ્રીમ હોમ, ખાટારી રોડ, વ્યારા, જિ.તાપી) ની સંડોવણી છે.

તપાસ દરમિયાન વિવેક દુબેને વાલિયા પોલીસ ઝડપી પાડીને સઘન ઉલટ તપાસ કરતા ભાંગીને તેણે પોલીસ સમક્ષ ઘટસ્ફોટ કર્યો હતો કે પોતે બેંક લોન ચાલુ હોય, અલગ અલગ જગ્યાએથી વ્યાજે નાણા લીધેલા હોય અને શેરમાર્કેટમાં છેલ્લા છ મહિનામાં પાંત્રીસેક લાખ ગુમાવી દેતાં આર્થિક સંકળામણમાં આવી ગયો હતો.

જેને લઈને તેના સાસુ સસરા આર્થિક રીતે ખૂબ સમૃદ્ધ હોવાથી તેમની પાસે રોકડ અને દાગીના તેના ઘરે રાખી મૂકતા હોવાની જાણ હતી. ઉપરાંત પોતાના ઘર સંસારમાં સસરા અવારનવાર વચ્ચે પડતા હોવાથી સાસુ-સસરાનો કાંટો કાઢી નાંખીને દાગીના અને રોકડા તફડાવી લેવાનો પ્લાન બનાવ્યો હતો.

વિવેક દુબેએ પોતાની ફોરવ્હીલ કાર લઈને વ્યારાથી ગાંધીનગર જઈને પરત ફરી વાલિયા આવીને સાસુ-સસરા નિર્મમ હત્યાનો અંજામ આપ્યો હતો. પોલીસે રોકડ રકમ રૂ.43 હજાર, મંગળસૂત્ર, વીંટી, પેન્ડલ, ડોકિયું, ચાંદી જેવી ધાતુની બે રાખડીઓ મળી પોલીસે મુદ્દામાલ કબજે કર્યો હતો. પોલીસ આરોપી વિવેક દુબેએ હત્યામાં ઉપયોગ કરેલા હથિયાર, કાર તેમજ લૂંટમાં મેળવેલી અન્ય રોકડ રકમ તેમજ સોના-ચાંદીનાં દાગીના રિકવર અને પુરાવા એકત્ર કરવા માટે રિમાન્ડની માંગણી કરશે.

## પતિની હેવાનિયતથી પત્ની અજાણ રહી

તપાસ દરમિયાન પોલીસ વિભાગને વિવેક દુબે પર શંકા જતાં શિક્ષક દંપતીના મૃતદેહ કાઢ્યા બાદ બીજા દિવસે તેને તપાસ માટે બોલાવ્યો હતો. તપાસમાં ભાંગી પડેલા મુખ્ય સુત્રધારને શનિવારે પુરાવા એકત્ર કરવા માટે માદરે વતન વ્યારા ખાતે પોલીસ લઇ ગઈ હતી. આ ઘટનાથી ખુદની પત્નીને પણ ખબર થઇ ન હતી. જેને લઈને રવિવારે વાલિયા ખાતે બેસણાનાં દિવસે પોલીસ વિભાગ મૃતકની દીકરી અને વિવેક દુબેની પત્નીને લઇ જતાં અને આખી ઘટના જણાવતા હોંશ ઉડી ગયા હોવાનું જાણવા મળ્યું હતું.

**DATE: 10/03/2025 CATEGORY: GREEN**
**E-PAPER GUJARAT MITRA PAGE-05**

# જંબુસરમાં દિવ્યાંગ યુવતી પર દુષ્કર્મ કરનાર બંને આરોપી ઝડપાયા

**નડિયાદની સીમમાંથી પોલીસે ઉઠાવી લીધા, યુવતીના ઘરમાં ઘૂસી દુષ્કર્મ આચર્યું હતું**



ભરૂચ: જંબુસર તાલુકાનાં એક ગામમાં 20 વર્ષીય દિવ્યાંગ યુવતી સાથે ગામના જ બે શખ્સોએ સામૂહિક દુષ્કર્મ આચર્યું હતું. જે કેસમાં પોલીસે તાત્કાલિક એક્શન લઈને ગણતરીની કલાકોમાં જ આરોપીઓને ઝડપી પાડ્યા છે.

રાત્રે યુવતી પોતાના ઘરમાં સૂતી હતી ત્યારે ગામના અશ્વિન સંજયભાઈ રાઠોડ અને વિજય ખોડુભાઈ રાઠોડે યુવતીના ઘરમાં પ્રવેશ કરી તેનું મોં દબાવી દુષ્કર્મ આચર્યું હતું.

જોકે, યુવતીની ભાભી અવાજ સાંભળી જાગી જતાં બંને આરોપીઓ ભાગી છૂટ્યા હતા. જંબુસર પોલીસમથકના પીઆઈ એ.વી. પાણમિયાએ તાત્કાલિક કાર્યવાહી શરૂ કરી હતી. યુવતીનું મેડિકલ કરાવ્યા બાદ વિવિધ ટીમો બનાવી આરોપીઓની શોધખોળ શરૂ કરી હતી. ટેકનિકલ સર્વેલન્સ અને બાતમીદારોની મદદથી નડિયાદની સીમમાંથી બંને આરોપીઓને ઝડપી પાડવામાં સફળતા મળી હતી. પોલીસે બંને આરોપીઓની ધરપકડ કરી છે અને તેમના રિમાન્ડ મેળવવાની કાર્યવાહી શરૂ કરી છે. પોલીસે આ ગંભીર ગુનામાં વધુ તપાસ આદરી છે.

**DATE: 11/03/2025 CATEGORY: GREEN**
**E-PAPER DIVYA BHASKAR PAGE-01**

# દહેજમાં ચોરીના કેસમાં ફરાર આરોપી ઝબ્બે

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

દહેજ પોલીસ મથકની હદમાં વર્ષ 2010માં ચોરીની ઘટના બની હતી. જેમાં સંડોવાયેલો મુળ પંચમહાલના શહેરા ખાતેનો વતની સુરેશ કિશોર પગી હાલમાં વડોદરાના મકરપુરા વિસ્તારમાં રહેતો હોવાની ચોક્કસ બાતમી ભરૂચ પેરોલ સ્કવોર્ડની ટીમને મળી હતી. જેના પગલે પીઆઈ એ. કે. જાડેજા તેમજ તેમની ટીમે વડોદરા પહોંચી તેને ઝડપી પાડ્યો હતો. આરોપી સુરેશ પગીને દહેજ પોલીસને સોંપતાં પોલીસેઆગળની કાર્યવાહી હાથ ધરી છે.

**DATE: 11/03/2025 CATEGORY: GREEN**
**E-PAPER GUJRAT SAMACHAR PAGE-04**

# અંકલેશ્વરના ગાર્ડન સિટી રોડ પરથી દારૂ સાથે વોન્ટેડ આરોપી ઝડપાયો

અંકલેશ્વર તા. ૧૦

અંકલેશ્વર જીઆઈડીસી પોલીસે ગત જાન્યુઆરીમાસ દરમ્યાન ગાર્ડન સીટી રોડ ઉપરથી ઝડપેલ દારૂના જથ્થામાં વોન્ટેડ આરોપીની અટકાયત કરી હતી. ગત તા. ૧૬ જાન્યુઆરીના રોજ અંકલેશ્વર જીઆઈડીસી પોલીસે ગાર્ડનસીટી તરફ જવાના રોડ ઉપરથી મહારાષ્ટ્ર ના એક ખેપિયાની દારૂના જથ્થા સાથે અટકાયત કરી હતી.તેની પાસેથી દારૂની ૭૫૦ મીલીની કાચની બોટલ નંગ-૩૫ રૂ.૨૨,૯૯૫ તથા મોબાઈલ નંગ ૦૧ રૂ. ૫૦૦૦ મળી કુલ રૂ. ૨૭,૯૯૫ નો મુદ્દામાલ જપ્ત કર્યો હતો.આ પ્રોહીબીશનના ગુનામાં એક વોન્ટેડ આરોપી કાપોદ્રાના રહીશ અસલમ ફકીરને પોલીસે કાપોદ્રા પાટિયા વિસ્તારમાંથી ઝડપી પાડ્યો હતો અને કાર્યવાહી હાથ ધરી હતી.

## ખજોદ ચોકડી પાસે ડિઝલ ભરેલા ટેન્કરમાં આગ ભભૂકી

સુરત,તા.૧૦

ફાયર બિગ્રેડ પાસેથી મળેલી વિગત મુજબ ખજોદ ચોકડી પાસે ડાયમંડ બુર્સ પાસે ગત રાતે ડિઝલ ભરેલી ટેન્કરની કેબિનમાં અચાનક આગ ભડકી ઉઠી હતી. કોલ મળતા વેસુ ફાયર સ્ટેશનની ગાડી સાથે ફાયરના લાશ્કરોએ ત્યાં પહોચીને અડધો કલાક પાણીનો મારો ચાલવતા આગ બુઝાવી હતી. જેથી ટેન્કરમાં ડિઝલ બળી ગયુ હતુ.

**DATE: 11/03/2025 CATEGORY: GREEN**
**E-PAPER SANDESHA PAGE-07**

### વાલીયાની ગણેશ ગાર્ડન સોસાયટીમાં થયેલા

# ચકચારી ડબલ મર્ડર કેસમાં હત્યારા જમાઈને પોલીસે ઝડપી પાડયો

## આરોપીને કોર્ટમાં રજૂ કરતા ૧૦ દિવસના રિમાન્ડ મંજૂર કરાયા

| ભરૂચ |

ભરૂચના વાલીયામાં ગણેશ ગાર્ડન સોસાયટીમાં થયેલા ડબલ મર્ડર કેસમાં પોલીસે જમાઈને ઝડપી પાડયો છે. શિક્ષક દંપતી જીતેન્દ્રસિંહ બોરાધરા અને લતા બોરાધરાની હત્યા તેમના જ જમાઈ વિવેધ રાજેન્દ્ર દુબેએ કરી હતી.

આ અંગે જિલ્લા પોલીસવડા મયુર ચાવડાના માર્ગદર્શન હેઠળ મદદનીશ પોલીસ અધિક્ષક અજયકુમાર મીણા ઝઘડીયા ડીવીઝન તથા એલસીબી પીઆઈ એમ.પી.વાળા ત્રણ અલગ અલગ ટીમો બનાવવામાં આવી હતી. પોલીસે ૧૩૦ થી વધુ સીસીટીવી ફૂટેજની તપાસ કરી આરોપીને ઝડપી પાડયો હતો.આરોપી પોતાની ફોરવ્હીલ કારમાં વ્યારાથી ગાંધીનગર ગયો અને પરત આવી હત્યા કરી રોકડ રકમ અને દાગીના લુંટી ફરાર થઈ ગયો હતો. પોલીસે મુદ્દામાલ જપ્ત કરી વધુ તપાસ હાથ ધરી છે. પુછપરછમાં જમાઈએ કબુલ્યુ હતુ કે, તેણે બેંક લોન અને વ્યાજે લીધેલા નાણાંની ચુકવણી માટે આ કૃત્યુ કર્યુ હતુ. છેલ્લા ૬ મહિનામાં શેર માર્કેટમાં તેને ૩૫ લાખની ખોટ ગઈ હતી. આરોપીને ખબર હતી કે તેના સાસુ-સસરા આર્થિક રીતે સદ્ધર છે અને ઘરમાં રોકડ રકમ તથા દાગીના રાખે છે.


જોઈએ છે.
GNFC માં અમારા શટડાઉનન
કામ માટે ITI ઈલેક્ટ્રીશ્યન /
વાયરમેન તા. ૧૨-૦૩-૨૦૨૫
રોજ સર્ટીફીકેટ, આધારકાર્ડ
તેમજ ફોટો સાથે રૂબરૂ મળો.
સમય : સવારે ૧૦.૦૦ થી ૪.૦
હેતલ સેલ્સ કોર્પોરેશ
જી.એન.એફ.સી. પ્લાન્ટ મેઈન ગેટ પાસે, ભરૂ
M. 99090 2245

**DATE: 11/03/2025 CATEGORY: GREEN**
**E-PAPER GUJRAT SAMACHAR PAGE-04**

# અંકલેશ્વરના નવા દિવા ગામે જુગાર રમતા ૬ જુગારી ઝડપાયા

અંકલેશ્વર તા. ૧૦

**અંકલેશ્વર તાલુકાના નવા દિવા ગામમાં ઘરની પાછળ જુગાર રમતા છ જુગારીને એ ડિવિઝન પોલીસે ઝડપી પાડ્યા હતા.**

## પોલીસે રૂ ૧૦ હજાર ઉપરાંતની રોકડ કબજે લીધી

અંકલેશ્વર એ ડિવિઝન પોલીસના સર્વેલન્સ વિભાગની ટીમે બાતમીના આધારે નવાદીવા ગામે મોર ફળીયામાં રહેતા આવેલા રમેશભાઈ નાનુભાઇ વસાવાના ઘરની પાછળના ભાગે આવેલ વાડામાં કેટલાક શખ્સો જુગાર રમી રમાડે છે જેવી બાતમીના આધારે રેઈડ કરતા છ જુગારીઓ ઝડપાય પાડ્યા હતા.પોલીસે તેઓ પાસેથી અંગઝડતીના રૂ.૪,૦૭૦ તેમજ દાવ ઉપરના રોકડા રૂ. ૧૮૫૦ મળી કુલ રૂ.૧૦.૯૨૦ની રોકડ જપ્ત કરી હતી. પોલીસે તેઓ ના પાંચ મોબાઈલ પણ જપ્ત કર્યા હતા. પોલીસે અર્જુનસિંહ ચંદ્રસિંહ સિંધા,અમિત જસવંત મોદી, સુરેશ સોમજી વસાવા,દેવેન્દ્ર કનુ પટેલ,પ્રભાત છોટુ વસાવા, સાહિલ બિપીન વસાવાની અટકાયત કરી હતી.

**DATE: 11/03/2025 CATEGORY: GREEN**
**E-PAPER DIVYA BHASKAR PAGE-04**

### હોળીના તહેવારો પહેલાં બૂટલેગરોની સાથે પોલીસ પણ સક્રિય

# નાના સાંજા ગામે બંધ મકાનમાં સંતાડેલો 5.74 લાખનો દારૂ જપ્ત

ભાસ્કર ન્યૂઝ | ઝઘડિયા

ભરૂચ લોકલ ક્રાઈમ બ્રાન્ચની ટીમે ઝઘડિયા તાલુકાના નાનાસાંજા ગામે એક સોસાયટીના બંધ મકાનમાંથી 5.74 લાખનો વિદેશી દારૂ ઝડપી પાડયો છે.

હોળી ધુળેટીના તહેવારને લઈને બુટલેગરોની સાથે પોલીસ પણ સક્રિય બની છે. એલસીબીની ટીમને નાનાસાંજા ગામે રહેતા અલ્પેશ ઉર્ફે અપો વસાવાએ અનુપમનગર-2 સોસાયટીમાં એક મકાનમાં



વિદેશી દારૂનો જથ્થો લાવીને સંતાડી રાખ્યો હોવાની બાતમી મળી હતી. પોલીસે અનુપમનગરના બંધ મકાનમાં દરોડો પાડયો હતો. મકાનની તલાશી લેવામાં આવતાં તેમાંથી દારૂની નાની-મોટી બોટલો તથા બીયરના ટીન મળી આવ્યાં હતાં. 3 હજાર કરતાં વધારે દારૂની બોટલો અને બિયરના ટીનની કિંમત 5.74 લાખ રૂ.થવા જાય છે. પોલીસે દારૂનો જથ્થો જપ્ત કરી બુટલેગર અલ્પેશને વોન્ટેડ જાહેર કર્યો છે. હોળી- ધુળેટીના તહેવારમાં દારૂની રેલમછેલ કરવા માટે બુટલેગરે મોટી માત્રામાં દારૂનો જથ્થો મંગાવ્યો હતો પણ પોલીસના હાથે ઝડપાય ગયો હતો.

**DATE: 12/03/2025 CATEGORY: GREEN**
**E-PAPER DIVYA BHASKAR PAGE-01**

# બી ડિવિઝન પોલીસ સ્ટેશન ખાતે શાંતિ સમિતિની બેઠક મળી

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

ભરૂચ શહેર જિલ્લામાં આગામી દિવસોમાં આવી રહેલાં હોળી-ધૂળેટીના પર્વ સાથે હાલમાં ચાલી રહેલાં પવિત્ર રમઝાન મહિનાને લઈને શહેર જિલ્લામાં સુલેહશાંતી ભર્યું વાતાવરણ રહે અને કાયદો અને પરીસ્થિતિ બગડે નહીં તે માટે પોલીસ દ્વારા શાંતિ સમિતિના આગેવાનો બન્ને સમુદાયના અગ્રગણ્ય નાગરિકો સાથે ખાસ બેઠકનું આયોજન બી ડિવિઝન પોલીસ સ્ટેશનમાં કરવામાં આવ્યું હતું. જેમાં બન્ને કોમના આગેવાનોએ જરૂરી સહાલસૂચનાો આપ્યાં હતાં.

**DATE: 12/03/2025 CATEGORY: GREEN**
**E-PAPER GUJRAT SAMACHAR PAGE-03**

### ભરૂચ ક્રાઈમ બ્રાંચે

# દારૂના ગુનામાં વોન્ટેડ આરોપી હોટલના કમ્પાઉન્ડમાંથી ઝડપી પાડ્યો

પાલેજ તા.૧૧

પાલેજ પોલીસ સ્ટેશનના પ્રોહીબિશનના ગુનામાં વોન્ટેડ આરોપી નેશનલ હાઈવે ૪૮ઉપર આવેલી હોટલના કમ્પાઉન્ડમાંથી ભરૂચ ક્રાઈમ બ્રાન્ચ પોલીસે ઝડપી પાડ્યો હતો.

## આરોપીને પાલેજ પોલીસને સોંપવામાં આવ્યો

પ્રાપ્ત માહિતી અનુસાર ભરૂચ એલ સી બી પોલીસ નેશનલ હાઈવે ૪૮ઉપર પેટ્રોલિંગ માં હતી.આ દરમ્યાન બાતમીના આધારે પાલેજ પોલીસ સ્ટેશનના ગુનામાં વોન્ટેડ પ્રોહી બુટલેગર નિલેશ મિ ી રહે.વેજલપુર ભરૂચ નો હોટલ સમાના કમ્પાઉન્ડમાં હાજર છે.જેથી આરોપીને એલ સી બી ટીમ દ્વારા ઝડપી પાડી તેની પૂછપરછ કરતા પ્રોહીબિસનનાં ગુનામાં વોન્ટેડ હોવાની કબૂલાત હકીકત હોવાનું જણાવતાં આરોપી વિરુદ્ધ કાર્યવાહી કરી પાલેજ પોલીસ સ્ટેશનમાં સોંપવામાં આવેલો છે.આ આરોપી નિલેશ વિનોદ ભાઈ મિ ી રહે.વેજલપુર. પારસીવાડ .ભરૂચ કાર્યવાહી કરી આરોપીની ધરપકડ કરવામાં આવેલા છે.

**DATE: 12/03/2025 CATEGORY: GREEN**
**E-PAPER DIVYA BHASKAR PAGE-01**

### અંકલેશ્વરનો આરોપી 2010થી પેરોલ જમ્પ કરી ફરાર હતો

# ભરૂચ પોલીસે નાલંદામાં રિક્શા ડ્રાઈવર બની 15 વર્ષથી ફરાર આરોપીને પકડ્યો

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

અંકલેશ્વરના વર્ષ 2008ના ધાડ અને આર્મ્સ એક્ટના ગુનાના આરોપી વરૂણસિંહ રાજપૂતને જે તે સમયે ઝડપી પાડવામાં આવતાં કોર્ટે તેને 5 વર્ષની સજા કરતાં તેને વડોદરા મધ્યસ્થ જેલમાં રખાયો હતો. જોકે, તેણે વચગાળાના જામીન માટે



અરજી કરતાં ગુજરાત હાઈકોર્ટના હુકમથી તેને 18મી સપ્ટેમ્બર 2010માં 7 દિવસની જામીન રજા પર મુક્ત કરયો હતો. જોકે, બાદતમાં તે હાજર ન થઈ ફરાર થઈ ગયો હતો. ગુનો બન્યો ત્યારે તે અંકલેશ્વરના ગડખોલ પાટિયા વિસ્તારમાં રહેતો હતો. પરંતુ પેરોલ જમ્પ કર્યાં બાદ તે ક્યાંક ભાગી ગયો હતો. અરસામાં ભરૂચ એસઓજીની ટીમને ચોક્કસ બાતમી મળી હતી કે, છેલ્લાં 15 વર્ષથી ફરાર વરૂણસિંહ સચ્ચિદાનંદસિંહ રાજપૂત નાલંદા તેના વતનમાં સંતાયો છે. જેના પગલે એસઓજીના એએસઆઈ જયેન્દ્રસિંહ, હેકો કિર્તીકુમાર તેમજ દિપકકુમારે બિહારના નાલંદા ખાતે પહોંચી બે દિવસ સુધી સ્થાનીક રિક્ષા ડ્રાઇવર તરીકેની વેશભુષા ધારણ કરી આરોપી વરૂણસિંહની રેકી કરતાં તે ત્યાંની એક શાળામાં ક્લાર્ક તરીકે નોકરીએ લાગ્યો હોવાનું માલુમ પડ્યું હતું. ઉપરાંત પોલીસ આવે તેવી શક્યતાને પગલે તે તેના મુળ ઘરથી 10 કિમી દૂર અલગ રહેતો હતો. ટીમે વરૂણસિંહને ઝડપી પાડી ભરૂચ લાવી આગળની કાર્યવાહી હાથ ધરી હતી.

## અમે પહેલાં ભૌગોલિક સ્થિતિ જાણી બાદમાં ડ્રાઇવર બની રેકી તેની કરી

પેરોલ જમ્પ કરનારા વરૂણસિંહ નાલંદા તેના વતનમાં હોવાની બાતમી અમારી ટીમને મળી હતી. જેથી અમારી ટીમ જેમાં હું તેમજ હેકો. કિર્તીકુમાર તેમજ હેકો દિપકકુમારે બે દિવસની બાયરોડની મુસાફરી કરીને



**ફર્સ્ટ પર્સન**
એએસાઇ જયેન્દ્રસિંહ મહોબ્બતસિંહ

7મીએ વહેલી સવારે નાલંદાના રહુંઈ ખાતે પહોંચ્યા હતાં. સૌથી પહેલાં અમે ત્યાંની ભૌગોલિક સ્થિતી તેમજ અન્ય બાબતોનું નિરીક્ષણ કર્યું હતું. સ્થાનિક પોલીસનો સંપર્ક કરી પ્રાથમિક ચર્ચાઓ કરી હતી. ઉપરાંત કોઈ અત્યંત જરૂરી સ્થિતિ સર્જાય તો મદદ માટેની વાતચિત કરી હતી. જે બાદ ચોક્કસ વિસ્તારમાં આરોપીની રેકી શરૂ કરી હતી. તે એક સ્કૂલમાં નોકરી કરતો હોવાનું માલુમ પડતાં તેની સ્કૂલ તથા ઘર અંગે માહિતી મળતાં તેના રૂટ પર આવવા-જવાના રોડ પર રિક્ષા ચાલકોને વિશ્વાસમાં લઈ તેમના બદલે જાતે જ રિક્ષા ચાલક તરીકે બેસી તેમજ કેટલાંક કિસ્સામાં રિક્ષાનો એકાદ ચક્કર મારી તેના પર નજર રાખી રહ્યાં હતાં. તેના ઘરની ગલી સાંકળી હોવા છતાં અંદર જઈએ તો તે ભાગી જાય તેવી શક્યતા હોઈ અમે તેના બહાર યોગ્ય સ્થળે આવે તેની રાહ જોતાં હતાં. અરસામાં તક મળતાં અમે તેને ઉઠાવી લીધો હતો. જે બાદ ત્યાં જરૂરી સરકારી કાગળો કરી તેને ભરૂચ લઈ આવ્યાં હતાં.

**DATE: 13/03/2025 CATEGORY: GREEN**
**E-PAPER SANDESH PAGE-09**

# અંકલેશ્વર તાલુકાના નવા દીવા ગામે જુગાર રમતા ૬ જુગારની ધરપકડ

। અંકલેશ્વરા

અંકલેશ્વરના નવા દીવા ગામના મોર ફળિયામાં બાવળના ઝાડ નીચે ખુલ્લી જગ્યામાં જુગાર રમાઈ રહ્યો છે.જેવી બાતમીના આધારે પોલીસે દરોડા પાડ્યા હતા પોલીસે સ્થળ પરથી ૧૬ હજારથી વધુના મુદ્દામાલ સાથે ૬ જુગારીઓની ધરપકડ કરી અંકલેશ્વર શહેર એ ડીવીઝન પોલીસે નવા દીવા ગામના મોર ફળિયામાં બાવળના ઝાડ નીચે જુગાર રમતા ૬ જુગારીયાઓને ઝડપી પાડ્યા હતા અંકલેશ્વરના નવા દીવા ગામના મોર ફળિયામાં બાવળના ઝાડ નીચે ખુલ્લી જગ્યામાં જુગાર રમાઈ રહ્યો છે.જેવી બાતમીના આધારે પોલીસે દરોડા પાડ્યા હતા.પોલીસે સ્થળ પરથી રોકડા અને પાંચ ફોન મળી કુલ ૧૬ હજારથી વધુના મુદ્દામાલ સાથે દીવા રોડ ઉપર આવેલ ધન લક્ષ્મી સોસાયટીમાં રહેતો જુગારી અર્જુનસિંહ ચંદ્રસિંહ સિંધા,અમિત જશવંત મોદી,સુરેશ વસાવા,દેવેન્દ્ર ઉર્ફે દિલીપ પટેલ અને પ્રભાત વસાવા તેમજ સાહુલ વસાવાનેઝડપી પાડ્યો હતો.

**DATE: 13/03/2025 CATEGORY: GREEN**
**E-PAPER GUJARAT SAMACHAR PAGE-04**

# અંકલેશ્વરમાં ફરજિયાત હેલ્મેટના કાયદા મુદ્દે પોલીસ તંત્ર એલર્ટ

અંકલેશ્વર તા. ૧૨

**અંકલેશ્વરમાં બી ડીવીઝન પોલીસ હવે હેલ્મેટના મુદ્દે એક્શન મોડમાં આવી જઈ દંડનીય કાર્યવાહી હાથ ધરતા ટ્રાફિકના નિયમનું ઉલ્લંઘન કરતા વાહન ચાલકોમાં ફફડાટ વ્યાપી ગયો હતો.**

## પોલીસે અનેક વાહન ચાલકો સામે દંડાત્મક કાર્યવાહી કરી

આજરોજ અંકલેશ્વર બી ડિવિઝન પોલીસે ટ્રાફિક ડ્રાઈવ અંતર્ગત ટુ વ્હીલર ચાલકોને હેલ્મેટ બાબતે દંડ કર્યો હતો.

અંકલેશ્વરના પ્રતિન ચોકડી વિસ્તારમાં બી ડિવિઝન ટ્રાફિક પોલીસે હેલ્મેટ ન પહેરેલા ટુ વ્હીલર ચાલકોને અટકાવી દંડ ફટકાર્યો હતો.

સરકારી કચેરી પોલીસ સ્ટેશનોમાં ફરજીયાત હેલ્મેટ પહેરવાના આદેશ બાદ હવે આમ પ્રજામાં તેનું પાલન થાય તે માટે સરકારે આમ તો તા.૩૧ માર્ચ સુધીની મહેતલ આપી છે પરંતુ અંકલેશ્વર બી ડિવિઝન પોલીસે આજથી અચાનક જ ફરજીયાત હેલ્મેટના કાયદાનુ અમલીકરણની કામગીરી હાથ ધરી વાહન ચાલકોમાં ફફડાટ જોવા મળ્યો છે.

**DATE: 13/03/2025 CATEGORY: GREEN**
**E-PAPER SANDESH PAGE-10**

# ભરૂચ પોલીસ મથકે શાંતિ સમિતિની બેઠક યોજાઈ



| ભરૂચ |

શહેર એ.ડીવીઝન પોલીસ મથક ખાતે આગામી દિવસોમાં આવનાર હોળી-ધૂળેટી અને હાલમાં ચાલી રહેલા રમજાન માસ નિમિત્તે શાંતિ સમિતિની બેઠક યોજાઈ હતી. જેમાં મોટી સંખ્યામાં શાંતિ સમિતિના સભ્યો ઉપસ્થિત રહ્યા હતા.

આગામી સમયમાં આવી રહેલા હોળીઅ ને ધુળેટી તહેવારને લઈને જિલ્લામાં ભારે ઉત્સાહનો માહોલ જોવા મળી રહ્યો છે. ત્યારે શહેરમાં શાંતિમય માહોલમાં દરેક લોકો તહેવારો ઉજવી શકે તે માટે ભરૂચ શહેર એ.ડીવીઝન પોલીસ સ્ટેશનમાં પીઆઈ વી. યુ.ગડરિયાની આગેવાનીમાં શાંતિ સમિતિની બેઠક યોજાઈ હતી જેમાં હોળી ધુળેટીના તહેવારોમાં કોઈ પણ અનિચ્છિનિય બનાવ ન બને તે માટે તકેદારી રાખવા તમામ સભ્યોને અપીલ કરી હતી. આ સાથે હાલમાં મુસ્લિમ સમાજના પવિત્ર રમજાન માસ ચાલી રહ્યો છે જેમાં પણ કોઈ અનિચ્છિનીય બનાવ ન બને તે જાળવવા માટે પણ જણાવ્યુ હતુ. જ્યારે શાંતિ સમિતિમાં હાજર સભ્યોએ પણ એકબીજા સાથે ભાઈચારા સાથે તહેવાર ઉજવવા માટે બાહેંધરી આપી હતી. જેમાં પીએસઆઈ અને શાંતિ સમિતિના સભ્યો ઉપસ્થિત રહ્યા હતા.

## મોટી સંખ્યામાં શાંતિ સમિતિના સભ્યો ઉપસ્થિત રહ્યાં

**DATE: 13/03/2025 CATEGORY: GREEN**
**E-PAPER GUJARATMITRA PAGE-08**

# ખરોડમાં જુગાર રમતા 3 જુગારી ઝડપાયા

અંકલેશ્વરઃ ભરૂચ એલસીબીએ ખરોડ વેલફેર હોસ્પિટલ સામે આવેલી ઓરડીમાંથી જુગાર રમતા ત્રણ જુગારીને રૂ.૧.૪૩ લાખના મુદ્દામાલ સાથે ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. ભરૂચ એલસીબીના પી.આઈ.. એમ.પી.વાળાના માર્ગદર્શન હેઠળ પી.એસ..આઈ. આર.કે.ટોરાણી સહિત સ્ટાફ અંકલેશ્વર વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતો. દરમિયાન બાતમી મળી હતી કે, સંજાલી ગામના હોલી ચકલા ખાતે રહેતો ઇકબાલ શાબીર શેખ ખરોડ વેલફેર હોસ્પિટલ સામે આવેલી પોતાની ઓરડીમાં બહારથી માણસો બોલાવી જુગાર રમાડે છે. આ બાતમીના આધારે પોલીસે દરોડા પાડ્યા હતા. પોલીસે સ્થળ પરથી રોકડા ૩૨ હજાર અને ચાર ફોન મળી કુલ ૧.૪૩ લાખનો મુદ્દામાલ કબજે કર્યો હતો અને જુગારી ઇકબાલ શાબીર શેખ, પ્રહલાદ દીનાનાથ શાહ, કુમાર ઇન્દ્રબહાદુરને ઝડપી પાડ્યો હતો.

**DATE: 13/03/2025 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-02**

### સીઈઆઈઆર પોર્ટલ પરથી મોબાઈલને બ્લોક પણ કરાવી શકાય

# પાનોલીમાં ₹ 1.33 લાખના 10 મોબાઈલ શોધી માલિકોને સોંપ્યા

ભાસ્કર ન્યૂઝ | પાનોલી

પાનોલી પોલીસે ગુમ-ચોરાયેલા 1.33 લાખના 10 મોબાઈલ સીઈઆઈઆર પોર્ટલ દ્વારા શોધી માલિકોને સોંપ્યા હતા. પોર્ટલ પર એક્ટિવ થયેલા મોબાઈલ ટ્રેસ કરીને પોલીસે તેના માલિકો સુધી પહોંચાડ્યા હતા.

અંકલેશ્વર ની પાનોલી પોલીસે સીઈઆઈઆર પોર્ટલના માધ્યમથી ગુમ અને ચોરી થયેલ મોબાઈલ ફોન શોધવાની કામગીરી માં મોટી સફળતા મેળવી છે. પોલીસે કુલ રૂ.1.33 લાખની કિંમતના 10 મોબાઈલ ફોન શોધીને તેના મૂળ માલિકને પરત કર્યા છે. ભરૂચ જિલ્લા પોલીસ અધિક્ષક મયુર ચાવડા ની સૂચના મુજબ પાનોલી પોલીસે કેન્દ્ર સરકારના સીઈઆઈઆર પોર્ટલનો ઉપયોગ કરીને આ કામગીરી હાથ ધરી હતી. પોર્ટલ પર એક્ટિવ થયેલા મોબાઈલ ટ્રેસ કરીને પોલીસે તેના માલિકો સુધી પહોંચાડ્યા હતા. પોલીસે નાગરિકોને મોબાઈલ ગુમ થવા કે ચોરી થવાના કિસ્સામાં WWW. CEIR.GOV.IN વેબસાઈટનો ઉપયોગ કરવાની સલાહ આપી છે. આ પોર્ટલ પર મોબાઈલની માહિતી નોંધાવવાથી એક આઈડી મળે છે. આ આઈડી દ્વારા મોબાઈલનું સ્ટેટસ ચેક કરી શકાય છે. આ પોર્ટલ પરથી મોબાઈલને બ્લોક પણ કરાવી શકાય છે.

**DATE: 13/03/2025 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-04**

# અંકલેશ્વર અને નેત્રંગ માર્ગ પર વૃક્ષની ડાળી તૂટી પડતાં વાહન વ્યવહાર ખોરવાયો



નેત્રંગ । નેત્રંગ વાલિયા રાજ્ય ધોરીમાર્ગ ઉપર ગત રાત્રિના ચીકલોટા વિજયનગર વિસ્તારમાં આકસ્મિક ભારે પવન ફૂંકાતા તેમાં રસ્તા ઉપરનું વર્ષો જૂનું એક વૃક્ષ પડી ગયું હતું જેને લીધે અકસ્માત અને વાહનોને અડચણરૂપ થાય તેવી પરિસ્થિતિ હતી. તે અરસામાં રાત્રે નેત્રંગ પોલીસના જવાનો પેટ્રોલિંગમાં નીકળતા તેમણે આ વૃક્ષની ડાળીઓ રસ્તા ઉપર પડેલી જોતા તાત્કાલિક કુહાડી મંગાવીને જાતે ડાળીઓ કાપી વૃક્ષ રસ્તા ઉપરથી હટાવ્યું હતું આવી ઉત્કૃષ્ટ કામગીરી કરી કોઈ વાહનનો અકસ્માત પણ ના થાય અને વાહન વ્યવહાર સતત ચાલુ રહે તેવી કામગીરી કરી હતી.

**DATE: 13/03/2025 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-03**

### મહારાષ્ટ્રથી દારૂ આપવા આવેલો ખેપિયો 16 જાન્યુએ ઝડપાયો હતો

# ગાર્ડન સિટી તરફથી ઝડપાયેલ દારૂમાં કાપોદ્રાનો બૂટલેગર ઝબ્બે

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

પદ્માવતી કોમ્પ્લેક્ષ ગાર્ડન સીટી તરફ જવાના માર્ગ પરથી ઝડપાયેલ 27 હજાર દારૂમાં વોન્ટેડ કાપોદ્રા બુટલેગર ને જીઆઈડીસી પોલીસે ઝડપી પાડ્યો હતો. મહારાષ્ટ્ર ની દારૂ આપવા આવેલા ખેપિયો 16 જાન્યુઆરી એ ઝડપાઈ ગયો હતો.. પોલીસે 27 હજાર ઉપરાંતનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. દારૂ જથ્થો કાપોદ્રા ના અસલમ શાહ ને આપવાનો હતોગત 16 જાન્યુઆરી ના રોજ અંકલેશ્વર જીઆઈડીસી પોલીસ મથક સ્ટાફ પેટ્રોલીંગમાં હતો તે દરમિયાન બાતમી મળી હતી કે મહારાષ્ટ્રથી એક ઈસમ બે થેલામાં ઈંગ્લીશ દારૂનો જથ્થો લઈ કોસમડી ગામના પદ્માવતી કોમ્પ્લેક્ષ ગાર્ડન સીટી તરફ જવાના માર્ગ પર ઉભેલ છે.તેવી બાતમીના આધારે પોલીસે વોચ ગોઠવી હતી અને સ્થળ પરથી બાતમીના આધારે દારૂની 35 નંગ બોટલ અને એક ફોન મળી કુલ રૂપિયા 27હજારથી વધુના મુદ્દામાલ સાથે નંદુરબારના વિશાલ પ્રકાશ ચૌધરી ને ઝડપી પાડ્યો હતો જ્યારે ઈંગ્લીશ દારૂનો જથ્થો મંગાવનાર ઈસમને વોન્ટેડ જાહેર કરી વધુ તપાસ હાથ ધરી છે. પોલીસે જે તે વખતે મળેલ મોબાઈલ નંબર આધારે તપાસ શરૂ કરી ટેક્નિકલ સર્વેલન્સ શરુ કર્યું હતું. જે નંબર આધારે પોલીસે અંતે કાપોદ્રા ગામ ની ઘંટી ફળીયા માં રહેતા અસલમ લાલભાઈ શાહ (ફકીર) અંતે ઝડપી પાડ્યો હતો. અને તેના રિમાન્ડની તજવીજ શરુ કરી હતી.

**DATE: 14/03/2025 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-04**

# દધેડા ગામે દારૂ સાથે આરોપી ઝડપાયો

ભાસ્કર ન્યૂઝ | ઝઘડીયા

ઝઘડીયા પોલીસ જીઆઈડીસી વિસ્તારમાં પેટ્રોલિંગ દરમિયાન બાતમીના આધારે દધેડા ગામે રહેતા રવિ વસાવા તેના ઘરે તપાસ કરતા એક મીણીયા થેલામાં દારૂની બોટલો રાખીને વેચાણ કરતો હોવાનું જણાયું હતું. પોલીસે ભારતીય બનાવટના વિદેશી દારૂનો જથ્થો તેમજ એક મોબાઈલ મળી કુલ રૂપિયા 8,062 નો મુદ્દામાલ કબજે કરીને આરોપીને ઝડપી પાડી પોલીસે આગળની કાર્યવાહી હાથ ધરી છે.

**DATE: 14/03/2025 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-04**

### 3.80 લાખ ઉપરાંતનો મુદ્દામાલ જપ્ત કર્યો

# ધૂળેટી પહેલાં અંકલેશ્વરમાંથી ત્રણ સ્થળેથી દારૂ ઝડપાયો

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

ભરૂચ એલસીબીએ કોસમડી ગામ ખાતે આવેલ સેન્ટોસા ગ્રીનસીટી સોસાયટી મકાન નંબર 41 માં દરોડા પડ્યા હતા. પોલીસે સ્થળ પર થી દારૂની નાની મોટી બોટલ 180 મળી 50 490 રૂપિયા નો દારૂનો જથ્થો જપ્ત કર્યો હતો તેમજ મહિલા બુટલેગર સ્મિતા વસાવાની ધરપકડ કરી હતી જ્યારે તેના બુટલેગર પતિને પોલીસે વોન્ટેડ જાહેર કર્યો હતો. ભાંગવાડ વિસ્તારમાં દરોડા પાડતા બાઈક સાથે ઉભેલા બે પૈકી એક ઈસમ ફરાર થઈ ગયો હતો પોલીસે સ્થળ પરથી દારૂની 54 નંગ બોટલ અને એક ફોન મળી કુલ 1.08 લાખથી વધુનો મુદ્દામાલ કબજે કર્યો હતો અને પંચાટી બજાર પાંજરાપોળ પાસે રહેતો સુજલ વસાવાની ધરપકડ કરી હતી અને બુટલેગર હરેશ વસાવા અને વિશાલ વસાવાને વોન્ટેડ જાહેર કરી વધુ તપાસ હાથ ધરી છે. અન્ય કેસમાં આંબોલી રોડ ઉપર સુકાવલી ડમ્પિંગ સાઈડ પાસે ભરૂચના મકતમપુર ગામના પટેલ ફળિયામાં રહેતો બુટલેગર ધર્મેશ પટેલને ઝડપી પાડ્યો હતો.

**DATE: 14/03/2025 CATEGORY: GREEN**
**E-PAPER SANDESH PAGE-10**

### એ.ડિવિઝનના સર્વેલન્સના સ્ટાફે છાપો માર્યો

# ભરૂચના મઢુલી સર્કલ પાસેથી ગાડીમાંથી દારૂનો જથ્થો ઝડપાયો

## રૂા.૧.૨૭ લાખના દારૂ સાથે ૧ ની ધરપકડ : પાંચ વૉન્ટેડ

। ભરૂચ ।

ભરૂચ શહેર એ.ડીવીઝન પોલીસના સર્વેલન્સના સ્ટાફે શહેરના મઢુલી સર્કલ ખાતેથી એક ગાડીમાંથી દારૂના જથ્થા સાથે એક ઈસમને ઝડપી પાડયો છે. પોલીસે તેની પાસેથી દારૂ અને કાર મળીને કુલ રૂા.૭.૪૭ લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો છે જ્યારે પાંચ બૂટલેગરોને વોન્ટેડ જાહેર કર્યા છે.

ભરૂચ જિલ્લા પોલીસવડા મયુર ચાવડાએ હોળી-ધૂળેટીના તહેવારની ઉજવણી દરમ્યાન દારૂની હેરાફેરી તથા સેવનની શકયતા રહેલી હોય સ્પેશ્યલ પ્રોહિબિશન ડ્રાઈવ રાખવામાં આવી છે જે અનુસંધાને એ ડીવીઝન પીઆઈ વી.યુ.ગડરીયા ભરૂચ શહેર એ.ડીવીઝન પોલીસ સ્ટેશનના સ્ટાફ દ્વારા પ્રયત્નો હાથ ધરવામાં આવ્યા હતા. તે દરમ્યાન સર્વેલન્સ સ્ટાફના પો.સ.ઈ. એ.વી. શિયાળીયાની ટીમને બાતમી મળી હતી કે, એક સફેદ કલરની સ્વીફ્ટ ફોર વ્હીલર ગાડી જેમા એક ઈસમ ઈંગ્લીશ દારૂ ભરીને એબીસી સર્કલ તરફથી જંબુસર બાયપાસ તરફ જવાનો છે.

જે આધારે બાતમીવાળી જગ્યા મઢુલી સર્કલ ભરૂચ ખાતે બાતમી મુજબની કાર આવતા ગાડીને રોકી લઈ કોર્ડન કરી સાથેના પંચો રૂબરૂ ફોર વ્હીલ ગાડી ખોલાવી તપાસ કરતા ભારતીય બનાવટના વિદેશી દારૂના ખાખી પુઠાંના કુલ ૨૦ બોક્ષ મળી આવ્યા હતા તેમાં જે બોક્ષમાંથી ભારતીય બનાવટના વિદેશી દારૂની શીલબંધ નાની-મોટી બોટલ તથા બીયર ટીન મળી કુલ નંગ ૫૧૬ નો પ્રોહિ મુદ્દામાલ મળી આવ્યો હતો. જેની કુલ કીં રૂા.૧,૨૭,૭૫૨ તથા મોબાઈલ નંગ ૨ જેની કિંમત રૂા.૨૦ હજાર તથા એક ફોર વ્હીલર ગાડી જેની કિંમત રૂા.૬,૦૦,૦૦૦ ની મળી કુલ કિંમત રૂા.૭,૪૭,૭૫૨ નો મુદ્દામાલ કબ્જે લઈ કાયદેસરની કાર્યવાહી કરી છે. જ્યારે કારમાંથી પકડાયેલો આરોપી વાગરા તાલુકાના રહાદ ગામનો ઈમરાન મોહંમદ ઈસ્માઈલ પટેલની સામે વધુ તપાસ હાથ ધરી છે.

**DATE: 14/03/2025 CATEGORY: GREEN**
**E-PAPER GUJARAT SAMACHAR PAGE-02**

# અંકલેશ્વરની ડમ્પિંગ સાઈટ નજીકથી દારૂ ભરેલ કાર સાથે બૂટલેગર ઝડપાયો

અંકલેશ્વર તા. ૧૩

અંકલેશ્વર શહેર એ ડીવીઝન પોલીસ મથકનો સ્ટાફ પેટ્રોલીંગમાં હતો તે દરમિયાન બાતમી મળી હતી કે સ્વીફટ ડીઝાયર ગાડી વિદેશી દારૂનો જથ્થો ભરી આંબોલી રોડ ઉપર સુકાવલી ડમ્પિગ સાઈડ પાસે આવનાર છે.જેવી બાતમીના આધારે પોલીસે વોચ ગોઠવી હતી.પોલીસે બાતમી વાળી ગાડી આવતા તેને અટકાવી હતી અને તેમાં તપાસ કરતા તેમાંથી વિદેશી દારૂની ૨૪ નંગ બોટલ મળી આવી હતી પોલીસે રૂ.૧૬ હજારનો દારૂ અને એક ફોન તેમજ ૨ લાખની ગાડી મળી કુલ રૂ.૨.૨૧ લાખથી વધુનો મુદ્દામાલ કબજે કયી હતો અને ભરૂચના મકતમપુર ગામના પટેલ ફળિયામાં રહેતો બુટલેગર ધર્મેશ ભગવાન પટેલને ઝડપી પાડયો હતો.

ઝડપાયેલ ઈસમને વિદેશી દારૂના જથ્થા અંગે પુછપરછ કરતા આ જથ્થો ચિરાગ ઉર્ફે કાળીયો દીપક પ્રજાપતિ આપી ગયો હોવાની કબુલાત કરી હતી અને દારૂ ભરૂચના દર્શન મહેશ વસાવાને આપવાનો હોવાનુ જણાવ્યુ હતુ.

**DATE: 16/03/2025 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-04**

### 17.93 લાખનો મુદ્દામાલ જપ્ત, ટેન્કર ચાલક વોન્ટેડ જાહેર

# નેત્રંગના થવા નજીકથી ટેન્કર ભરેલો દારૂનો 7.93 લાખનો જથ્થો ઝડપાયો

ભાસ્કર ન્યૂઝ | નેત્રંગ

નેત્રંગના થવા ચેક પોસ્ટ નજીકથી ટેન્કરમાં લઈ જવાતો ભારતીય બનાવટનો વિદેશી દારૂનો જથ્થો ઝડપી લીધો હતો.ઉચ્ચ અધિકારીઓ દ્વારા જિલ્લામાં હોળી-ધુળેટીના તહેવાર નિમિત્તે દારૂ જુગારની પ્રવૃતિ સદંતર બંધ રહે અને જિલ્લામાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે માટે અસરકારક કામગીરી કરવા જિલ્લાના પોલીસ વિભાગને સુચના આપેલ,તેના અનુસંધાને



ભરૂચ લોકલ ક્રાઈમ બ્રાન્ચ પીઆઈ એમ.પી.વાળાના માર્ગદર્શન હેઠળ પોલીસ ઈન્સ્પેક્ટર એમ.એમ.રાઠોડ ટીમ સાથે નેત્રંગ વિસ્તારમાં રાત્રી પેટ્રોલિંગમાં હતા તે દરમિયાન થવા ચેક પોસ્ટ નજીક એક શંકાસ્પદ ટેન્કર જણાતા તેની તપાસ કરતા ટેન્કરમાંથી પ્રતિબંધિત ભારતીય બનાવટના વિદેશી દારૂની 5105 નંગ બોટલો કિંમત રૂપિયા 7.93 લાખ ની મળી આવી હતી.એલસીબીની ટીમે દારૂનો આ જથ્થો તેમજ ટેન્કર કિંમત રૂપિયા 10 લાખનું મળીને કુલ રૂપિયા 17.93 લાખ નો મુદ્દામાલ કબ્જે લીધો હતો. અને ટેન્કર છોડીને નાશી ગયેલ ટેન્કર ચાલકને વોન્ટેડ જાહેર કરીને નેત્રંગ પોલીસ મથક ખાતે ગુનો નોંધાવ્યો હતો.

**DATE: 16/03/2025 CATEGORY: GREEN**
**E-PAPER SANDESH PAGE-09**

### ખેતીવાડી ઉત્પાદન માર્કેટની પાછળના ભાગેના ખૂલ્લા ગ્રાઉન્ડમાંથી

# અંકલેશ્વર પોલીસે કારમાં દારૂની હેરાફેરી કરતા બેને ઝડપી પાડ્યાં

## પોલીસે દારૂ અને વાહનો મળી રૂા.૪ લાખનો મુદ્દામાલ કબજે કર્યો

। અંકલેશ્વર ।

અંકલેશ્વર એ ડીવીઝન પોલીસે ત્રણ રસ્તા સર્કલ પાસે આવેલ ખેતીવાડી ઉત્પાદન માર્કેટની પાછળના ભાગેના ખુલ્લા ગ્રાઉન્ડમાંથી વિદેશી દારૂ સગેવગે કરતા બે ઈસમોને ૪ લાખથી વધુના મુદ્દામાલ સાથે ઝડપી પાડ્યો હતો.

અંકલેશ્વર ડી.વાય.એસ.પી ડૉ.કુશલ ઓઝાની સુચનાને આધારે અંકલેશ્વર એ ડીવીઝન પોલીસ મથકના પી.આઈ પી.જી.ચાવડાના માર્ગ દર્શન હેઠળ સ્ટાફ પેટ્રોલીંગમાં હતો તે દરમિયાન બાતમી મળી હતી કે અંકલેશ્વર શહેર ખેતીવાડી ઉત્પન્ન માર્કેટની પાછળના ભાગે આવેલ ખુલ્લા ગ્રાઉન્ડમાં બે ઈસમો સ્કોડા ગાડીમાંથી વિદેશી દારૂનો જથ્થો બર્ગમેન મોપેડ ઉપર મુકી રહ્યા છે. જેવી બાતમીના આધારે પોલીસે દરોડા પાડયા હતા પોલીસે સ્થળ પરથી વિદેશી દારૂની ૮૬૪ નંગ બોટલ મળી આવી હતી પોલીસે ૮૬ હજારનો દારૂ અને વાહનો મળી કુલ ૪ લાખથી વધુનો મુદ્દામાલ કબજે કર્યો હતો અને કાગદીવાડમાં રહેતો શેહબાજખાન મેહબુબખાન પઠાણ,અઝહર સલીમ શેખ અને મોહમદ સાલેર ઉર્ફે શાહરૂખ રાફીક શેખને ઝડપી પાડ્યો હતો જયારે એક ઈસમને વોન્ટેડ જાહેર કર્યો હતો. અત્રે ઉલ્લેખનીય છે કે ઝડપાયેલ મોહમદ સાલેર ઉર્ફે શાહરૂખ સફીક શેખ અંકલેશ્વરના ત્રણ અને વલસાડના પ્રોહીબીશન એક્ટના એક ગુનામાં સંડોવાયેલ હોવાનું જાણવા મળ્યું હતું.

**DATE: 16/03/2025 CATEGORY: GREEN**
**E-PAPER GUJARATMITRA PAGE-08**

# નર્સિંગ કોર્સના નામે ઠગાઈ કરનારા ઝડપાયા

અંકલેશ્વર, ભરૂચ: અંકલેશ્વર બી ડિવિઝન પોલીસે નર્સિંગ કોર્સમાં છેતરપિંડી કરનારા વધુ બે આરોપીની ધરપકડ કરવામાં આવી હતી. પોલીસે ગાંધીનગરના કુડાસણમાં આવેલી રાધે રેસિડન્સીમાં રહેતા રૂતીન મનુભાઈ મિસ્ત્રી અને તેજલસિંહ રાયસિંહ રાઠવાને ઝડપી પાડ્યા હતા.

અત્રે ઉલ્લેખનીય છે કે, આ અગાઉ 10 જાન્યુઆરીએ નર્મદા પેરામેડિકલ નર્સિંગ ક્લાસિસની મહિલા સંચાલિક ચેતના રાવની ધરપકડ કરવામાં આવી હતી. તેણે વિદ્યાર્થિનીઓ સાથે 9.87 લાખની છેતરપિંડી કરી હતી. આમ, આ કેસમાં હવે કુલ ત્રણની ધરપકડ થઈ ચૂકી છે.

**DATE: 16/03/2025 CATEGORY: GREEN**
**E-PAPER SANDESH PAGE-09**

### લીમડી ગામની નવીનગરીમાં દરોડો પાડયો

# વાગરાના લીમડી ખાતે જુગાર રમતા ૬ જુગારિયાઓ ઝડપાયા

## અંગઝડતીના નાણાં સહિત રૂા.૧૦ હજારનો મુદ્દામાલ જપ્ત

| ભરૂચ |

ભરૂચ જિલ્લાના વાગરા તાલુકામાં પોલીસે જુગારધારા અંતર્ગત મોટી કાર્યવાહી કરી છે.

વાગરા પોલીસે લીમડી ગામની નવીનગરીમાં આવેલ આરસીસી રોડ પર દરોડો પાડયો હતો. પોલીસે ખુલ્લી જગ્યામાં પત્તા-પાના રમતા ૬ શખ્સોને ઝડપી પાડયા હતા. પોલીસ ઈન્સ્પેકટર એસ.ડી.ફુલતરીયાના માર્ગદશન હેઠળ પોલીસને બાતમી મળી હતી. બાતમીના આધારે પોલીસ કાર્યવાહી કરી હતી. પોલીસે આરોપીઓ પાસેથી અંગઝડતી દરમ્યાન રોકડા રૂા.૬૬૦૦ અને દાવ પરના રૂા.૩૫૦૦ મળી કુલ રૂા.૧૦,૧૦૦નો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. પોલીસે ઝડપાયેલા આરોપીઓમાં ભીખાભાઈ માનસંગભાઈ રોહિત, રહે. પખાજણ, જયંતિભાઈ લક્ષ્મણભાઈ રાઠોડ, રહે.લીમડી, સંજય સોમાભાઈ રાઠોડ, રહે. લીમડી, નરેશ જયંતીભાઈ રાઠોડ, રહે.લીમડી, ભીખા ભાઈલાલ રાઠોડ, મુળ રહે.રમણગામડી, વડોદરા અને વિષ્ણુ જયંતીભાઈ રાઠોડ રહે.લીમડીનો સમાવેશ થાય છે. પોલીસે તમામ આરોપીઓ વિરૂધ્ધ જુગારધારાની કમલ ૧૨ મુજબ ગુનો નોંધી વધુ કાર્યવાહી હાથ ધરી છે.

**DATE: 16/03/2025 CATEGORY: GREEN**
**E-PAPER GUJARAT SAMACHAR PAGE-03**

# ભડકોદ્રા ગામમાં ખેતરમાં દાટેલા રૂ.૧.૪૬ લાખના દારૂ સાથે બે શખ્સ ઝડપાયા

અંકલેશ્વર તા. ૧૫

અંકલેશ્વર તાલુકાના ભડકોદરા ગામે તળાવ પાસેના ખેતરની અંદર જમીનમાં દાટેલા વિદેશી દારૂ ભરૂચ એલસીબી પોલીસે ઝડપી પાડ્યો હતો અને બે ઈસમોને રૂ.૨.૪૧ લાખના મુદ્દામાલ સાથે ઝડપી પાડ્યા હતા.

## પોલીસે મહિલા બૂટલેગરને વોન્ટેડ જાહેર કરી

ભડકોદ્રા ગામે ધુળેટીના દિવસે પેટ્રોલિંગ દરમ્યાન ભરૂચ એલસીબીના સ્ટાફને બાતમી મળી હતી કે અંક્લેશ્વર ભડકોદરા ખાતે રહેતી મહિલાએ તળાવ પાસે આવેલ ખેતરોમા વિદેશી દારુ સંતાડી રાખેલો છે અને પોતાના મળતિયાઓ મારફતે વેચાણ કરે છે.

જેવી બાતમીના આધારે પોલીસે દરોડા પાડયા હતા અને અલગ અલગ ખેતરોમાં સંતાડેલ વિદેશી દારૂની ૧૩૯૧ નંગ બોટલ મળી આવી હતી પોલીસે રૂ.૧.૪૬ લાખનો દારૂ અને વાહન મળી કુલ રૂ.૨.૪૧ લાખના મુદ્દામાલ સાથે જગદીશ વસાવા અને ઘનશ્યામ વસાવાને ઝડપી પાડ્યો હતો.મહિલા બુટલેગર ચંપા વસાવાને વોન્ટેડ જાહેર કરી વધુ તપાસ હાથ ધરી હતી.